# 4th Foreign Office Consultations between India and Ethiopia

## ભારત અને ઈથિયોપિયા વચ્ચે 4થા વિદેશ કચેરીનાં પરામર્શો

03 ઓક્ટોબર, 2022

ભારત અને ઈથિયોપિયા વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોThe 4th Round of Foreign Office Consultations (FOCs) નો 4થો રાઉન્ડ 03 ઓક્ટોબર 2022 નાં રોજ અદિસ અબાબામાં યોજવામાં આવ્યો હતો અને તેની સહ-અધ્યક્ષતા ભારતનાં વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ (પૂર્વ અને દક્ષિણ આફ્રિકા) શ્રી પુનિત આર. કુંડલ, અને ઈથિયોપિયાનાં વિદેશ મંત્રાલયનાં પૂર્વ મધ્ય, એશિયા અને પેસિફિક દેશોનાં મહા નિર્દેશક રાજદૂત ડૉ. ગેબેયેહુ ગંગા ગાયિટો (પીએચ.ડી) દ્વારા કરવામાં આવી હતી.

2. આ વિદેશ કચેરીનાં પરામર્શો દરમિયાન બન્ને પ્રતિનિધિ મંડળોએ દ્વિપક્ષીય સંબંધોની સમગ્ર બાબતોની સમીક્ષા કરી હતી. ચર્ચવામાં આવેલા મુદ્દાઓમાં રાજકીય જોડાણો, વ્યાપાર અને આર્થિક બાબતો, વિકાસ ભાગીદારીની પરિયોજનાઓ, સાંસ્કૃતિક અને રાજદ્વારી બાબતો, ઉચ્ચ શિક્ષણમાં સહકાર, લોકોનાં પરસ્પરનાં સંપર્કો વગેરેનો સમાવેશ થયો હતો. સંરક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી,, શિક્ષણ, કૃષિ અને સાથી ક્ષેત્રો અને નાગરિક ઉડ્ડયન જેવા ક્ષેત્રોમાં જોડાણ વધારવા સંમત થયા હતા. પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ તેમજ AU સંબંધિત બાબતો પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન પણ કરવામાં આવ્યું હતું.

3. બન્ને પક્ષો સંબંધો વાયબ્રન્ટ અને પરસ્પર લાભગાયક રાખવા માટે ઉચ્ચ સ્તરીય રાજકીય આદાનપ્રદાનો અને સંયુક્ત સંસ્થાકીય યંત્રણાઓની નિયમિત મીટિંગો ચાલું રાખવા સંમત થયા હતા. બન્ને પક્ષો વહેલાસર તારીખ પર જોઈન્ટ સાયન્સ એન્ડ ટેકનોલોજી કમિટી (JSTC), જોઈન્ટ ટ્રેડ કમિટી (JTC) વગેરે જેવી સંસ્થાકીય યંત્રણાઓ હેઠળ બેઠકો યોજવા અને પરસ્પર સાનુકૂળ તારીખો પર દ્વિપક્ષીય સહકાર માટે આગામી મંત્રીઓનાં સ્તરનાં જોઈન્ટ કમિશનને યોજવા તરફ કામ કરવા સંમત થયા હતા.

4. આ વાર્તાલાપો મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવ્યા હતા. બન્ને પક્ષો પરસ્પર સાનુકૂળ તારીખો પર નવી દિલ્હીમાં પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

અદિસ અબાબા
03 ઓક્ટોબર, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.